# ગાંધીનગરના વિષ્ણુભાઈને ઠગ મિત્ર ઠનઠનપાલ બનાવી રફુચક્કર

**મિત્ર વિષ્ણુભાઈ પાસે આરોપીઓ ૧૩ લાખમાં બે કાર ગીરવે મુકી ગયા હતા : થોડા સમય બાદ મિત્ર ધનપાલે તરકટ રચી વિશ્વાસમાં લઈ મિત્ર વિષ્ણુભાઈ પાસેથી ગીરવે મુકેલી બન્ને કાર પૈસા આપ્યા વગર અન્ય બે કાર ગીરવે મુકી ગયો હતો : અને ચોરીની ઈનોવા ભટકાડી ગયો**

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર શહેરના એક વ્યક્તિને મિત્રની મિત્રતા ભારે પડી ગઈ છે. અને આ વ્યક્તિને તો ગોળો અને ગોફળ ગઈ તેવો વિચિત્ર ઘડાયો છે. જેમાં ગાંધીનગરના વ્યક્તિએ મિત્રની મોંઘીદાટ કાર ગીરવે રાખી રૂ. ૧૩ લાખ આપ્યા હતા. પરંતુ મિત્રની ખોટી અને ખરાબ નીતિએ મિત્ર વિષ્ણુભાઈને ધનપાલ નામનો ઠગ મિત્ર ઠનઠન પાલ બનાવી રફુચક્કર થઈ ગયો છે. આ મામલે ઈન્ફોસીટી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આ વિચિત્ર છેતરપીંડીની ઘટના એવી છે કે ગાંધીનગર શહેરના કુડાસણ ખાતેના કાનમ રેસીડેન્સીમાં રહેતા વિષ્ણુભાઈ પ્રભુદાસ પટેલે થોડા સમય અગાઉ સેક્ટર-૧૪માં રહેતા પોતાના મિત્ર ધનપાલ કાન્તીસિંહ સોલંકી (રહે. સે. ૧૪, બી. ૧૬/૨)ને નાણાંની જરૂરીયાત ઉભી થતા એસ.યુ.વી. કાર ગીરવે લઈ રૂ. ૯ લાખ આપ્યા હતા. બાદમાં ધનપાલે બીજી એક વર્ના કાર ગીરવે મુકી રૂ. પાંચ લાખ લીધા હતા. આમ ગાંધીનગરના વિષ્ણુભાઈ પટેલે કુલ ૧૪ લાખ રૂપિયા બે કારના બદલે મિત્રને આપ્યા હતા. શહેરના સે. ૧૪માં રહેતા ધનપાલે પેથાપુરના સિકંદરસા હજરતસા પ્રકાશ ઉર્ફે કિશન પંચાલ (રહે. સે. ૨) મોહસીનખાન (રહે. પેટલાદ) અને પ્રતિક કૃષ્ણસિંહ જાડેજા સાથે આવી વિષ્ણુભાઈ પટેલને મળ્યા હતા. અને વર્નાકારનું પાસિંગ બાકી હોવાથી અન્ય એક ઈનોવા કાર આપી ૧ દિવસ માટે વર્ના કાર લઈ ગયા હતા. આમ અઠવાડીયા જેટલો સમય વિતી જતા વિષ્ણુભાઈએ ફોન કરી ધનપાલ સાથે વાત કરીને કારની માંગ કરી હતી. આથી ધનપાલ અને તેના ચાર મિત્રો બીજી એક દમણ પાસિંગની ઈનોવા કાર વિષ્ણુભાઈને પધરાવી એસયુવી કાર લઈ ગયા હતા. અંતે ફરી ઠગ મિત્રોએ વિષ્ણુભાઈને વિશ્વાસમાં લઈ ઈનોવા કાર પણ લઈ જતા રહ્યા હતા. જ્યારે બીજી એક દમણ પાસિંગની ઈનોવા કાર ચોરીની હોવાથી દમણ પોલીસે આ ઈનોવા કાર લઈ જતી રહી હતી.

આમ એક પછી એક ઈસકી ટોપી ઉસકે સિર પર ઉસકી ટોપી ઉસકે સિર જેવી રમત રચી ધનપાલ નામનો ઠગ અને તેના અન્ય ચાર ઠગ મિત્રો ભેગા મળી વિષ્ણુભાઈ પાસેથી બધી ગીરવે મુકેલી કાર અને ઉછીના આપેલા નાણા લઈ અને ચોરીની ઈનોવા કાર ભટકાડી છેતરપીંડી કરી રફુચક્કર થઈ ગયા હતા.

આ સમગ્ર વિચિત્ર છેતરપીંડી મામલે ભોગ બનનાર વિષ્ણુભાઈએ ઈન્ફોસીટી પોલીસમાં ફરિયાદ આપતા પોલીસે તમામ પાંચેય આરોપી સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

## શહેરના સે.૫ ખોડીયાર માતાજીના મંદિરે નવચંડી યજ્ઞ સંપન્ન

ગાંધીનગર શહેરના સેકટર - ૫ ખાતે આવેલા આઈ શ્રી ખોડીયાર માતાજીના મંદિરે મહાસુદ - ૮ ને ખોડીયાર માતાજીના પ્રાગટય દિન નિમિતે નવચંડી યજ્ઞનું આયોજન ખોડીયાર માતાજી પરિવારના ભકતો દ્વારા કરવામાં આવ્યું હતું. સવારે ૯ કલાકે યજ્ઞનો પ્રારંભ થયો હતો અને સાંજે ૪ કલાકે યજ્ઞ સંપન્ન થયો હતો. સવારથી જ ખોડીયાર માતાજીના મંદિરે યજ્ઞ દર્શન માટે ભકતો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. માતાજીના મંદિર પરિસરમાં વિવિધ ધાર્મિક પ્રસંગોને લઈ સવારથી જ ભકિતમય વાતાવરણ સર્જાયું હતું. સાંજે ૬ કલાકે મહાઆરતી યોજાઈ હતી ત્યારબાદ ભકતોએ મહાપ્રસાદનો લાભ લીધો હતો. આ પ્રસંગે માતાજીના દર્શને પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના ચેરમેન મહેન્દ્રભાઈ ત્રિવેદી, માહિતિ કમિશનર વસંતભાઈ ગઢવી અને મનપાના વિરોધ પક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા ઉપસ્થિત રહ્યા હતા.જયારે આ પ્રસંગે ખાસ વેરાવળથી પધારેલા આઈ શ્રી દેવલ માતાજીએ હાજર ભકતોને આશિર્વાદ પાઠવ્યા હતા. નવચંડી યજ્ઞના મુખ્ય યજમાન પદે માતાજીના ભકત પ્રધ્યુમનસિંહ જાડેજા (પેથાપુર) હતા.

## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર જિલ્લામાં શ્રેષ્ઠ ગ્રામસભા, શ્રેષ્ઠ તાલુકા પંચાયત સહિત પંચાયત સશક્તિકરણ પ્રોજેકટના અમલીકરણની સમીક્ષા માટે આ સપ્તાહમાં ટીમ આવશે.

● ગાંધીનગર જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની આજે મળેલ આજે ગર્વનીંગ બોડી અને કારોબારી સમિતિમાં ત્રણ ધારાસભ્યો શ્રી અમીતભાઈ ચૌધરી, શ્રી અશોક પટેલ અને શ્રી શંભુજી ઠાકોર હાજર રહ્યા હતા.

● ઈન્ડિયન મેડીકલ એસો.ની ગાંધીનગર શાખાના જલસા જકાસ કાર્યક્રમમાં ડૉ. વિવેક ભાવે, ડૉ. સુનીલ નાયક, ડૉ. દિનેશ બારોટ, ડૉ. નિલમ પટેલ, ડૉ. જીગર પટેલ, ડૉ. હર્ષદ રાઠોડ વિગેરેએ ગ્રુપ ડાન્સ, ફિલ્મી ગીતો રજુ કરી સૌના મન હરી લીધા હતા.

● વિધાનસભાનુ અંદાજપત્ર સત્ર બોલાવાયા પછી પણ રાજ્ય સરકારે આજે ચોથી નીતિ જાહેર કરતાં વિપક્ષ ગૃહમાં આક્રમક તેવર બતાવવા સજ્જ થઈ ગયું છે.

● ધો. ૧૦ના વિદ્યાર્થીઓને ગણિત વિષયને યાદ રાખવાની પદ્ધતિઓ અંગેની સીડી મનપા દ્વારા આપવામાં આવશે.

● ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ટાઈફોઈડના ૪ દર્દીઓ નોંધાયા છે.

● રાજ્ય સરકારમાં આગામી દિવસોમાં બદલી-બઢતી અધિકારીઓની કરવાની થતી હોવાથી ભારે કવાયત ચાલી રહી છે.

# ડી.પી.આર. તૈયાર કર્યા સિવાય વિકાસની વાતો ભાજપ કરે છે : પ્રવિણ પટેલ

**વેરા વસુલાત માટે રિબેટની યોજનામાં સુધારો કરવા સહિત ૧ ઉથી વધુ સૂચનો બજેટ પર લખી ચર્ચા માંગી છે**

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર શહેરમાં ટ્રાન્સપોર્ટ વ્યવસ્થા સહિત વિવિધ યોજનાઓના અમલીકરણ માટે ડીપીઆર બનાવવા જોઈએ તેવી માંગણી સાથે ૧ ઉથી વધુ સૂચનો બજેટ ૨૦૧૬-૧૭ માટે સ્ટેન્ડીંગ કમિટીના પૂર્વ ચેરમેન શ્રી પ્રવિણ પટેલે કરી તેની ચર્ચા સામાન્ય સભામાં કરવામાં આવે તેવી માંગ કરી છે.

મેયર શ્રીમતી હંસાબેન મોદીને બજેટના સૂચનો અંગે લખેલા એક વિસ્તૃત પત્રમાં શ્રી પટેલે જણાવ્યું છે કે ગાંધીનગર મનપાના વહીવટમાં ઘણી બધી જગ્યાઓ ખાલી છે તેમજ ૮૦ ટકા કામગીરી આઉટસોર્સિંગથી કરાવાય છે ત્યારે મહેકમ ખર્ચ બમણો કેમ બતાવાયો છે તે સમજમાં આવતુ નથી. તેમણે મનપાની આવક વધારવા માટે રિબેટની યોજનામાં સુધારો કરવાની હિમાયત કરાતાં જણાવ્યું છે કે તંત્ર કોઈ જ કામગીરી કરતુ નથી અને સેવાઓ પણ સંભાળતા નથી તો આવક મેળવવા પર ધ્યાન કેન્દ્રીત થાય તે જરૂરી છે. પરંતુ વસુલીની કામગીરી કાગળ પર કરવાને બદલે રિબેટના દરમાં સુધારો કરી કરદાતાઓને આકર્ષવાનો પ્રયાસ કરવો જોઈએ. બજેટમાં કરાયેલી જોગવાઈઓ અપુરતી હોવાનું જણાવી કેટલાક ગંભીર સવાલો પણ ઉભા કર્યા છે. જેવા કે રંગમંચોના નવીનીકરણ માટેની કાર્યયોજના ક્યારે અને કોની મદદથી તૈયાર કરાઈ આ માટે કોઈ ચોક્કસ સમય-મર્યાદા નક્કી કરાઈ છે તો કયા આધારોને ધ્યાને લેવામાં આવ્યા છે.

શ્રી પટેલે જણાવ્યું છે કે સરકારમાં જમીન ફાળવણી અંગે છેલ્લા ત્રણ વર્ષમાં કરેલી રજુઆતો પછી પણ ઉકેલ નથી આવ્યો અને બજેટની જોગવાઈઓ રિપીટ જ કરવામાં આવે છે તે માટે શું કાર્યવાહી કરવા ધારીએ છીએ તેનો અંદાજપત્રમાં કોઈ ઉલ્લેખ સુદ્ધાં નથ કરાયો તે અત્યંત દુ:ખદ છે.

તેમણે ટ્રાન્સપોર્ટ વ્યવસ્થા માટે ડી.પી.આર. છે નહિ છતાં ગત વર્ષે અને આ વર્ષે બજેટમાં જોગવાઈ કરી છે તે હજુ ગળે ઉતરતી નથી. શ્રી પટેલે જણાવ્યું છે કે શહેરની ટ્રાફિક વ્યવસ્થા માટે માસ્ટર પ્લાન તૈયાર કરવો જોઈએ તથા અન્ડરબ્રીજ, ઓવરબ્રીજ માટે ડી.પી.આર. તૈયાર કરવો જોઈએ એટલુ જ નહિ સીટી ટ્રાન્સપોર્ટ માટે ડેપો બનાવવા પણ જમીનની માંગણી કરવી જોઈએ.

## કડી કેમ્પસના વિદ્યાર્થીઓને સન્માનાશે

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ (કડી) સંચાલિત ગાંધીનગર શાખાની ગુજરાતી માધ્યમની પ્રાથમિક શાળાઓ દ્વારા ૧૯મી ફેબ્રુઆરીને શુક્રવારના રોજ બપોરે ૧ કલાકે તેજસ્વી તારલા પુરસ્કાર અર્પણ સમારોહ-વાર્ષિકોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. શેઠ શ્રી ખીમજી વિસરામ એન્ડ સન્સ સંસ્કાર ભવન ખાતે તેજસ્વી તારલાઓને દાસકાકા-દિવાળીબા સ્મૃતિ પારિતોષિક, માણેકલાલ એમ. પટેલ મેમોરીયલ મેરીટ સ્કોલરશીપ અર્પણ કરાશે.

# રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષણ અભિયાન કચેરીમાં ચોરી

## સે-૧૨માં સ્થિત કચેરીની બારીની ગ્રીલ તોડીને ઘુસેલા તસ્કરોએ ખુરશીઓ પણ ના છોડી...!

ગાંધીનગર શહેરના સેકટર-૧૨ ખાતે સ્થિત રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષણ અભિયાનની કચેરીમાં તસ્કરો ત્રાટકયા હતા. બારીની ગ્રીલ તોડીને અંદર ઘુસેલા તસ્કરોએ બે કોમ્પ્યુટર ઉપાડયા હતા અને જતાં જતા તેમણે કચેરીની ખુરશીઓ પણ છોડી ન હતી. રૂ. ૫૫ હજારની કિંમતની મત્તાની ચોરી કરી તસ્કરો ફરાર થઈ ગયા હોવાની ફરિયાદ સે-૭ પોલીસ મથકમાં નોંધાવા પામી છે. સે-૧૨ ખાતેઆવેલી રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષણ અભિયાનની કચેરીમાં ૧૨ ફેબ્રુઆરીથી આજ સવાર દરમિયાન તસ્કરો ઘુસ્યા હતા. કચેરીને ટાર્ગેટ બનાવીને બારીની ગ્રીલ તોડી અંદર પ્રવેશેલા તસ્કરો કોમ્પ્યુટરના બે સીપીયુ અને ખુરશીઓ મળી રૂ. ૫૫ હજારની મત્તાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. ૧૨ ફેબ્રુઆરીએ કચેરીને તાળા માર્યા બાદ શનિવાર, રવિવારની રજા આવી હતી આજે સવારે કચેરી ખોલવા ગયા ત્યારે તુટેલી બારીની ગ્રીલ પર ધ્યાન પડતા ઘરફોડ થયાનો અંદાજ આવી ગયો હતો. અંદર જઈને તપાસ કરી તો રૂ. ૫૫ હજારનો સામાન ગાયબ હતો. આ ઘરફોડ ચોરી અંગે મહેશભાઈ મુરલીભાઈ જાનીએ ફરિયાદ આપતા સે-૭ પોલીસે ગુનો દાખલ કરીને ગુનાની ઉંડી તપાસ શરૂ કરી છે.

# મનપામાં અધિકારીઓની સંતાકૂકડીમાં વિકાસની ફાઈલો અટવાઈ ગઈ છે : બિહોલા

**ઈન્ચાર્જ કમિશનર, સીટી ઈજનેર અને ડે. મ્યુનિ. કમિશનર વચ્ચે ફાઈલોની વિટંબણાવાદન કરી રહી હોવાથી કોંગ્રેસને આંદોલન કરવાની ફરજ પડશે : વિપક્ષી નેતા**

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર મહાનગર-પાલિકામાં પ્રજાને વિકાસ સાથે જોડવાની વાતના દિવાસ્વપ્નો બતાવવામાં આવે છે પરંતુ છેલ્લા એક મહિનાથી શહેરમાં વિકાસના કામોની એક પણ ફાઈલને મંજૂરી નહિ આપવામાં આવતાં મનપામાં વહીવટીય કટોકટી જેવી સ્થિતિ પ્રવર્તતી હોવાનો ગંભીર આક્ષેપ વિપક્ષના નેતા શ્રી શૈલેન્દ્રસિંહ બિહોલાએ કર્યો છે.

તેમણે જણાવ્યું છે કે મ્યુનિ. કમિશ્નર રજા પર હોવાથી તંત્ર સાવ ખોડંગાઈ જવા પામ્યું છે. મનપાનું તંત્ર આમેય ઈન્ચાર્જોના હવાલે ચાલે છે.

શ્રી બિહોલાએ જણાવ્યું છે કે સરકાર બંધારણીય જગ્યાઓ પર નિમણુંક કરતી નથી અને કરવા દેતી પણ નથી તેથી વિકાસનું વિટંબણાવાદન નગરજનોને કરવા સિવાય કશુ રહેતુ નથી.

છેલ્લા એક માસથી મ્યુ. કમિશનર રજા ઉપર ગયા છે. તેથી અત્યાર હાલના ઈન્ચાર્જ કમિશનરશ્રી મોદી પાલિકામાં છેલ્લા વીસ દિવસમાં એક કલાક પણ ફાળવ્યો નથી. અને એક પણ પ્રજાલક્ષી કામની ફાઈલોમાં મંજુરી આપી નથી. લગભગ પ્રજાના વિકાસની ત્રણસોથી વધુ ફાઈલો પેન્ડીંગ પડી છે. મોદી સાહેબને ફોન ઉપર સંપર્ક કરીએ તો તેઓ ડી.એમ.સી.ના માથા ઉપર ઢોળે છે. ડી.એમ.સી.નો સંપર્ક કરીએ તો તેઓ નવા મુકાયેલા સીટી ઈજનેર જેઠવાના માથા ઉપર ઢોળે છે. જેઠવાને સંપર્ક કરીએ તો તેઓ કમિશનર ઉપર ઢોળે છે.

આમ અધિકારીઓની સંતાકૂકડી અને શાસક પક્ષ કઈ પણ બોલવા સાંભળવા કે જોવા માંગતું નથી. ઉપરોક્ત બધાની મિલી ભગતમાં પ્રજાના કામો રૂંધાયા છે. મનપાનો ટેક્ષ ભરતી ગાંધીનગરની પ્રજા અધિકારીની અને શાસક પક્ષની મિલી ભગતમાં પ્રજાજનો પીસાઈ રહ્યા છે. ૮૦-૨૦ના પેવરબ્લોકના કામોની પણ નવી અરજી સ્વીકારવામાં આવતી નથી. જે મનપાનું મનસ્વી નિર્ણય છે. પ્રજાજનો હવે નીત નવા મનપાના મનસ્વી રીતે લાગુ કરતા કાયદાઓથી કંટાળી ગઈ છે. જો આ અઠવાડીયામાં પ્રજાના વિકાસના કામોમાં મંજુરી નહિ મળે તો કોંગ્રેસ પક્ષ ઉગ્ર આંદોલન કરશે. જેની સમગ્ર જવાબદારી મનપાના અધિકારીઓ અને શાસક પક્ષની રહેશે.

# પત્નિનુ ખુન કરવાના કેસમાં પતિને ત્રણ વર્ષની સખત કેદની સજા

ગાંધીનગર, તા. ૧૫

માણસા તાલુકાના ધોળાકવા ગામમાં પત્નીનુ ખુન કરવાના કેસમાં ગાંધીનગર કાર્ટે પતિને ૩ વર્ષની સખત કેદની સજા કરવાનો આદેશ કર્યો છે.

૧૮ સપ્ટેમ્બર વર્ષ ૨૦૧૩ દરમિયાન માણસા તાલુકાના ધોળાકુવા ગામમાં રહેતા વિષ્ણુજી છગનજી ઉર્ફે છગાજી તખાજી ઠાકોરે અંબાજી જવા માટે તેની પત્ની પાસે પૈસાની માંગણી કરી હતી. આ દરમિયાન તેની પત્ની રમીલાએ પૈસા આપવાની ના પાડતા આરોપી વિષ્ણુએ ચાંદીના કડા વેંચીને પૈસા માટેની માંગણી કરી હતી. પૈસાની ના પાડતા આરોપીએ તેની પત્નીને ખાટલાની ઈસ માથામાં મારતા તેણીને ગંભીર ઈજાઓ થવા પામી હતી. જેના લીધે પરિણિતાનુ મોત નિપજયુ હતુ. આ બનાવ સંદર્ભેમાણસા પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પોલીસે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. આ કેસ ગાંધીનગરની એડી સેસન્સ કોર્ટમાં ચાલી જતા સરકરી વકીલ તરીકે સુનિલ એસ પંડયાએ દલીલો કરી હતી. જેમાં તેમણે કોર્ટ સમક્ષ જણાંવ્યુ હતુ કે આરોપીએ તેની પત્નીનુ ખુન કરી ત્રણ બાળકોની માતા છીનવી લીધી છે. આવા કેસમાં આરોપીને સખત સજા થવી જોઈએ. જે દલીલો તેમજ ડોકટર અને તપાસ કરનારા અધિકારીઓની જુબાની ધ્યાને લઈ જજ આર એ ઘોઘારીએ આરોપીને ત્રણ વર્ષની સખત કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે. આ ઉપરાંત આરોપીને રૂ ૫૦૦નો દંડ ભોગવવા હુકમ કર્યો છે. જો આરોપી દંડ ન ભરે તો વધુ ૧૫ દિવસની સજા ભોગવવા હુકમ કર્યોછે.



વેલેન્ટાઈન્સ ડે ની શહેરમાં ખૂબ ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. શહેરની વિવિધ હોટેલ્સ અને પાર્ટી પ્લોટમાં લવ બર્ડસ માટે મ્યુઝિક-ડાન્સ સાથે મસતીભરી પાર્ટીઓનું આયોજન કરાયું હતું. ભાટ નજીકના નારાયણી હાઈટ્સ ખાતે પણ પ્રેમીયુગલો માટે સંગીતમય ડિસ્કોથેક થીમ ડીનર પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અનેક યુગલોએ મસ્તીભરી પળો માણી હતી.

# પિલવાઈ કોલેજમાં સ્પોર્ટસ ડે તેમજ ટ્રેડિશનલ ડેની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૧૫

પિલવાઈ સ્થિત શ્રી યુ.પી. આર્ટસ, શ્રીમતી એમ.જી. પંચાલ સાયન્સ અને વી.એલ. શાહ કોમર્સ કોલેજમાં વિવિધ ડે ની ઉજવણી અંતર્ગત 'સ્પોર્ટસ ડે' અને 'ટ્રેડિશનલ ડ્રેસ ડે'ની ઉજવણી ભવ્ય રીતે કરવામાં આવી હતી.

સ્પોર્ટસ ડે ની ઉજવણી નિમિત્તે વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લાંબીકૂદ, ઉંચીકૂદ, બરછી ફેંક, ગોળાફેંક, ૧૦૦ મીટર દોડ, સહિતની રમતો યોજવામાં આવી હતી. જેમાં ૨૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જ્યારે આ પૈકી વિજેતા ક્રમે આવનાર ૫૭ જેટલા વિદ્યાર્થીઓને ઈનામો એનાયત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત કોલેજ કેમ્પસમાં ટ્રેડિશનલ ડ્રેસની ઉજવણી કરવામાં આવી હતી.

